# આચારસંહિતા અને નૈતિકતા
# હિતના સંઘર્ષો પર નીતિ

ETHICS & LEGAL COMPLIANCE | ISSUED: November 1, 2016 – REVISED: February 23, 2022

Magna શ્રેષ્ઠ હિતમાં કાર્ય કરવાની Magnaના કર્મચારીઓની ફરજ છે. તમારા વ્યક્તિગત હિતોનો પ્રભાવ પડવો જોઈએ નહીં, અથવા પ્રભાવ દેખાવો જોઈએ નહીં, કોઈ પણ વ્યાવસાયિક બાબતમાં તમારા નિર્ણય પર પણ તેની અસર હોવી જોઈએ નહીં. આ નીતિ Magna International Inc. તથા તેના તમામ કાર્યરત ગ્રુપ્સ, વિભાગો, સંયુક્ત સાહસો તથા વૈશ્વિકસ્તરની અન્ય કામગીરીઓ (એકંદરે, "Magna")ને લાગુ પડે છે. આ નીતિ, કર્મચારીઓ, અધિકારીઓ, નિયામકો, સલાહકારો અને એજન્ટો સહિત Magna વતી કાર્ય કરતી બધી વ્યક્તિઓને પણ લાગુ પડે છે.

### વ્યાખ્યા

આ નીતિમાં:

- **"હિતનો સંઘર્ષ"** (અથવા **"સંઘર્ષ"**) શબ્દ વિશાળ અર્થ ધરાવે છે. સામાન્ય રીતે, તે એક એવી સ્થિતિને દર્શાવે છે જ્યાં તમે Magnaના વ્યાવસાયિક નિર્ણય લઈ શકો છો અથવા તેના પર પ્રભાવ પાડી શકો છો જ્યારે કે તમારા વ્યક્તિગત હિતો અથવા સંબંધિત પક્ષો સાથે સંકળાયેલા હિતો Magnaના હિતોથી અલગ હોઈ શકે છે.
- **"મેનેજ"** અને **"મેનેજિંગ"** શબ્દોમાં હાયર કરવું, નિરીક્ષણ કરવું, રિપોર્ટ કરનારા સપરવાઇઝર/સબઓર્ડિનેટ સાથે સંબંધમાં હોવું અથવા પગારના મૂલ્યાંકન કે અન્ય વ્યક્તિના કાર્યપ્રદર્શન પર ભૌતિક રીતે પ્રભાવ પાડવાની ક્ષમતા હોવાનો સમાવેશ થાય છે.
- **"સંબંધિત પક્ષ"**નો અર્થ છે તે કોઈ પણ વ્યક્તિ કે જેની સાથે તમે સંકળાયેલા છો અથવા જેની સાથે તમે વ્યક્તિગત સંબંધ ધરાવો છો જે તમારા કારોબારી નિર્ણય પર અસર કરી શકે છે અથવા દેખીતી પ્રભાવ પાડી શકે છે. ઉદાહરણોમાં કુટુંબના સભ્યો, મિત્રો અથવા ભૂતપૂર્વ સહકર્મીઓ, સહપાઠીઓ અને નોકરીદાતાઓનો સમાવેશ થાય છે.
- વ્યક્તિ વ્યવસાયમાં **"નોંધપાત્ર હિત"** ધરાવે છે જો તે વ્યક્તિ (i) વ્યવસાયમાં દસ ટકા (10%)થી વધુ સ્ટોકનું, મિલકતનું અથવા અન્ય હિતોનું પ્રત્યક્ષ કે આડકતરી રીતે નિયંત્રણ ધરાવે છે, (ii) વ્યવસાયમાં આગેવાનના પદ પર હોય, અથવા (iii) વ્યવસાય અને Magna વચ્ચેના સંબંધમાંથી લાભ મેળવશે.

## તમારા સંઘર્ષને જાહેર કરવું

જો તમે હિતનો સંઘર્ષ ધરાવો છો અથવા માનો છો કે હિતનો સંઘર્ષ ઉદ્ભવી શકે છે (અથવા અન્ય લોકો દ્વારા વાજબી રીતે જોવામાં આવે છે), તો તમારે શક્ય તેટલા જલ્દી સંઘર્ષને જાહેર કરવો આવશ્યક છે અને આગામી પગલાંઓ લેતા પહેલાં મંજૂરી મેળવવી આવશ્યક છે. સંઘર્ષને જાહેર કરવા અને મંજૂરી મેળવવાની પ્રક્રિયા **કમ્પ્લાયન્સ કન્ટ્રોલ પ્રોસિઝર – કોન્ફ્લિક્ટ્સ ઑફ ઇન્ટરેસ્ટ પ્રોસિઝર ("પ્રોસિજર")માં** સમજાવવામાં આવી છે જે MagNET પર ઉપલબ્ધ છે.

સંજોગોના આધારે, Magna શરતો સાથે અથવા શરતો વિના સંઘર્ષ ઊભા કરતા સંજોગોને મંજૂરી આપવાનં પસંદ કરી શકે છે, જો તે નક્કી કરે કે આવી મંજૂરી Magnaના શ્રેષ્ઠ હિતમાં છે. શરતી મંજૂરી માટે જરૂરી છે કે Magnaના શ્રેષ્ઠ હિતોને પ્રોત્સાહિત કરવા માટે સહકર્મીઓના નિરીક્ષણ અને સતત દેખરેખ હેઠળ ચોક્કસ ઉચિત પગલાં લેવામાં આવે (જે સમાન સંઘર્ષનો સામનો કરતા નથી).

## સંઘર્ષના સામાન્ય પ્રકારો

હિતનો સંઘર્ષ મોટા ભાગે નીચેની સ્થિતિઓમાં થાય છે.

### વ્યક્તિગત કાર્યસ્થળને લગતા સંબંધો

જો તમે સંબંધિત પક્ષનું સંચાલન કરતા હોવ અથવા પક્ષ દ્વારા સંચાલિત થતા હોવ તો ટકરાવ થાય છે (ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ પોતાના જીવનસાથીનું નિરીક્ષણ કરતી હોય). સંબંધિત પક્ષ સાથે ડાયરેક્ટ મેનેજમેન્ટ અથવા રિપોર્ટિંગને લગતો સંબંધ પ્રતિબંધિત છે. જો તમે સંબંધની ઘોષણા કરી છે અને પ્રોસિજર હેઠળ મંજૂરી મેળવી છે તો બને કે તમે સંબંધિત પક્ષને મેનેજ કરી શકો.

### સ્વ-વ્યવહાર

જો તમે Magna અને વ્યવસાય વચ્ચેના વ્યાવસાયિક સંબંધને મંજૂરી આપતા હોય અથવા તેને ડાયરેક્ટ કરતા હોય કે જેમાં તમારા નોંધપાત્ર હિતો સંકળાયેલ હોય તો તમારા હિતોનો સંઘર્ષ થાય છે. ઉદાહરણ તરીકે, આસિસ્ટન્ટ જનરલ મેનેજર જો કોઈ એવા વિક્રેતાને વ્યવસાય આપે કે જેમાં પોતે સહ-માલિકી ધરાવતા હોય તો સંઘર્ષ થાય છે.

જો તમે કોઈ અપેક્ષા અથવા બદલામાં, વ્યક્તિગત લાભમાં ત્રીજા પક્ષકાર સાથે વ્યાવસાયિક સંબંધને મંજૂરી અથવા ટેકો આપતા હોવ તો તમે હિતનો સંઘર્ષ ધરાવો છો (દા.ત. કિકબૅક). વધ માહિતી માટે, કૃપા કરીને અમારી **લાંચ અને અનુચિત પેમેન્ટ પરની નીતિ**નો સંદર્ભ લો.

### સંબંધિત પક્ષકારના વ્યવહારો

જો તમે કોઈ એવા હોદ્દા પર હોવ કે જે Magna અને વ્યવસાય વચ્ચેના કારોબારી સંબંધને મંજૂરી અથવા ટેકો આપે જેમાં તમારા સંબંધિત પક્ષ નોંધપાત્ર હિત ધરાવે છે તો તમે હિતનો સંઘર્ષ ધરાવો છો. ઉદાહરણ તરીકે, જનરલ મેનેજર હિતનો ટકરાવ ધરાવે છે જો તેણી પોતાના વિભાગ અને પોતાના પુત્રની માલિકીની કંપની વચ્ચે કારોબારી સંબંધને મંજૂરી આપે છે.

જો તમે કોઈ અપેક્ષા અથવા બદલામાં, વ્યક્તિગત લાભમાં સંબંધિત પક્ષકાર સાથે વ્યાવસાયિક સંબંધને મંજૂરી અથવા ટેકો આપતા હોવ તો પણ તમે હિતનો સંઘર્ષ ધરાવો છો. ઉદાહરણ તરીકે, પર્ચેસિંગ મેનેજર એક વિક્રેતાને વ્યવસાય એ શરતે આપે છે કે તે તેની બહેનને નોકરી પર રાખે, તો તે સંઘર્ષ ધરાવે છે.

### બહારની સ્થિતિઓ

અમારા VP, નૈતિક અને મુખ્ય અનુપાલન અધિકારી દ્વારા અધિકૃત ખૂબ જ મર્યાદિત સંજોગોને બાદ કરતા તમે Magnaના ગ્રાહકો, હરીફો અથવા સપ્લાયરો સાથે કોઈપણ પદ (ચુકવણી ધરાવતું અથવા ચુકવણી ન ધરાવતું) ધરાવી શકતા નથી.

જો તમે તમારી માલિકીના વ્યવસાય સહિતના કોઈ પણ એવા સાહસ કે જેમાં તમારે સંપૂર્ણ સમય કરતા ઓછો સમય આપવો પડતો હોય અને Magna ખાતેની તમારી નોકરીના કામના કલાકો દરમિયાન ધ્યાન આપવું પડતું હોય તેવા સંજોગોમાં આવા બાહ્ય પદ ધારણ કરો તો તમારે પ્રોસિઝર સમક્ષ જાહેર કરવું અને પ્રોસિઝર હેઠળ લિખિત મંજૂરી મેળવવી આવશ્યક છે. ઉદાહરણ તરીકે, કોઈ એંજીનિયર સંઘર્ષ ધરાવે છે જો તે પોતાના કન્સલ્ટિંગ વ્યવસાયને વિકસાવવા માટે પર્યાપ્ત Magna કામના કલાક ઉપલબ્ધ કરાવે છે.

## કોર્પોરેટ તકો અને સંશાધનોનો ઉપયોગ

Magnaની મિલકત અથવા માહિતીનો તમારા દ્વારા અથવા સંબંધિત પક્ષકાર દ્વારા અથવા Magna ખાતે તમારા પદ મારફતે ઉપયોગ કરવામાં આવતો હોય તો તમે હિતોનો સંઘર્ષ ધરાવો છો. જો તમે વ્યક્તિગત લાભ અથવા સંબંધિત પક્ષકારના લાભ માટે Magnaની મિલકત, માહિતી અથવા તમારા પદનો ઉપયોગ કરતા હોવ તો તે પણ હિતોનો સંઘર્ષ છે (તેમાં કર્મચારીના 'પર્ક્સ' અને લાભો અથવા ભેંટ સોગાદો અને મનોરંજન કે જે અમારી ભેટ સોગાદો અને મનોરંજન અંગેની નીતિ દ્વારા આવરી લેવાતી હોય તેનો સમાવેશ થતો નથી). આવા સંજોગોમાં, તમારે હિતોના ટકરાવની પ્રક્રિયા સમક્ષ ટકરાવ અંગેની માહિતીને જાહેર કરવી અને લિખિત મંજૂરી મેળવવી આવશ્યક છે.

ઉદાહરણ તરીકે, કોઈ કર્મચારી ત્યારે હિતોનો ટકરાવ ધરાવે છે જો તે કોઈ કૌટુંબિક રિયનિયન આયોજિત કરવા માટે પોતાના વિભાગના કેફેટેરિયાનો ઉપયોગ કરે છે. ઉપરાંત, કોઈ કર્મચારી ત્યારે પણ હિતોનો સંઘર્ષ ધરાવે છે જો તેણી Magna વ્યવસાયની તક વિશેની માહિતીને પોતાના પતિના વ્યવસાયના લાભ માટે શેર કરે છે.

## ઉલ્લંઘનો

Magna અનપાલનના ઉલ્લંઘન માટે કોઈ સહિષ્ણતા નથી.  કોઈ પણ પ્રકારનં ઉલ્લંઘન ગંભીર બાબત ગણવામાં આવશે અને શિસ્તભંગના પગલાં ભરવામાં આવી શકે છે અને તેમાં નોકરીમાંથી બરતરફીનો સમાવેશ પણ થાય છે.

જો Magnaની આચારસંહિતા અને નૈતિક મૂલ્યો અથવા આ નીતિનં કોઈ વ્યક્તિ દ્વારા ઉલ્લંઘન કરવામાં આવ્યં છે તે બાબતની જાણકારી મળે અથવા આશંકા જણાય (ઉદાહરણ તરીકે, જો તમે કોઈ વ્યક્તિના સંઘર્ષથી માહિતગાર છો કે જે જાહેર કરવામાં આવેલ નથી), તો તમારે (i) તમારા મેનેજર; (ii) જૂથ, પ્રાદેશિક અથવા કોર્પોરેટ વકીલ; (iii) પ્રાદેશિક અનપાલન અધિકારી; (iv) Magnaના VP, નૈતિક અને મખ્ય અનપાલન અધિકારીને અથવા (v) Magna હોટલાઈન પર રિપોર્ટ કરવી જોઈએ.

Magna સદ્ભાવનામાં, Magnaની આચાર સંહિતા અને નૈતિક મૂલ્યો અથવા આ નીતિના કોઈપણ પ્રકારના ઉલ્લંઘન બદલ રિપોર્ટ કરવા બદલ તેમની સાથે કોઈ બદલો લેવામાં ન આવે તે માટે તેમનં રક્ષણ કરે છે. વધ માહિતી માટે, કૃપા કરીને અમારી એન્ટી-રિટેલિએશન પરની નીતિનો સંદર્ભ લો .

## મદદરૂપ બને તેવા સૂચનો

### હંમેશાં...

- તમે Magna વતી જે વ્યાવસાયિક નિર્ણયો લો છો અથવા ભલામણ કરો છો તેને અસર કરતું તમારું કોઈ વ્યક્તિગત હિત છે કે કેમ તે વિશે વિચારો.
- કોઈ શંકા હોય તો તમારા મેનેજર, સમૂહ, પ્રાદેશિક અથવા કોર્પોરેટ વકીલ કે કોઈ પ્રાદેશિક અનુપાલન અધિકારી સાથે વાત કરો.
- સમાચારપત્રના પ્રથમ પેજ પર અથવા સામાજીક મીડિયા પર જો બાદમાં તેની જાણ કરવામાં આવી શકતી હોય તો Magna વતી તમે કેવી રીતે કોઈપણ પગલાં લો છો તે વિશે વિચારો. જો જાહેર જનતાને લાગે કે તમારા પગલાંઓમાંથી તમને વ્યક્તિગત રીતે લાભ થાય છે, તો કદાચ તમે સંઘર્ષ ધરાવો છો.
- તમારા ટકરાવને બને તેટલા જલ્દી જાહેર કરો અને આગળ કોઈ પણ પગલાં લેતા પહેલાં મંજૂરી મેળવો.
- અમારી આચાર સંહિતા અને નૈતિક મૂલ્યો અથવા આ નીતિના કોઈપણ શંકાસ્પદ ઉલ્લંઘનોની જાણ કરો.

### ક્યારેય નહીં...

- અમારા VP, નૈતિક બાબતો અને મુખ્ય અનુપાલન અધિકારીની પૂર્વ લિખિત મંજૂરી વિના Magna સપ્લાયર, ગ્રાહક અથવા

સ્પર્ધક સાથે બીજી નોકરી કરવી.  આવી માહિતી અપવાદરૂપ સંજોગોમાં જ આપવામાં આવશે.

- આ સંઘર્ષને જાહેર કર્યા અને મંજૂરી મેળવ્યા વગર, Magna અને વ્યવસાય વચ્ચેના એવા વ્યાવસાયિક સંબંધમાં દાખલ થવું અથવા ટેકો આપવો કે જેમાં તમે અથવા તમારા સંબંધિત પક્ષકારનું નોંધપાત્ર હિત હોય.
- આ સંઘર્ષને જાહેર કર્યા અને મંજૂરી મેળવ્યા વગર તમારા સંબંધિત પક્ષકારને હાયર કરવો અથવા હાયર કરવામાં ટેકો આપવો.
- આ સંઘર્ષને જાહેર કર્યા અને મંજૂરી મેળવ્યા વગર કોઈ બાહ્ય પદ સ્વીકારવું કે જેમાં Magnaના કામકાજી કલાકો દરમિયાન તમારો એક નોંધપાત્ર સમયગાળો અને ધ્યાન આપવાની જરૂર હોય.
- આ સંઘર્ષને જાહેર કર્યા અને મંજૂરી મેળવ્યા વગર Magna ખાતેના તમારા પદ મારફતે Magnaની સંપત્તિ અથવા માહિતીના ઉપયોગ દ્વારા તમે શોધો છો તે તકોનો તમારા પોતાના માટે અથવા તમારા સંબંધિત પક્ષકાર માટે ઉપયોગ કરવો.

## વધુ માહિતી:

વધુ માહિતી અથવા સલાહ માટે, તમારા સમૂહ અથવા પ્રાદેશિક કાનૂની સલાહકાર, પ્રાદેશિક અનુપાલન અધિકારી અથવા Magnaના વીપી, નૈતિક બાબતો અને મુખ્ય અનુપાલન અધિકારીનો સંપર્ક કરો.


| | |
|---|---|
| Issued: | November 1, 2016 |
| Revised: | February 23, 2022 |
| Next Review: | Q1 2025 |
| Issued By: | Ethics & Legal Compliance |
| Approved By: | Chief Compliance Officer, on behalf of Magna Compliance Council |